# મફત ફરજિયાત પ્રાથમિક શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા

મફત ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો ઈતિહાસ તપાસતા પૂર્વે પ્રાથમિક શિક્ષણની ચાવીરૂપ ઘટનાઓ જાણવી રસપ્રદ રહેશે. પ્રાચીન ભારતમાં સાર્વત્રિક શિક્ષણ હતું. આ પ્રાચીન શિક્ષણપ્રથા કાળક્રમે સામાજિક પરિવર્તનોને કારણે નષ્ટ થઇ. સ્ત્રીઓને શિક્ષણનો અધિકાર બંધ થયો. બાળલગ્નોને કારણે કન્યા કેળવણી લગભગ બંધ થઇ ગઇ. જ્ઞાતિપ્રથાએ શિક્ષણ પર ઝાટકો માર્યો. મુસલમાનોના આગમન પછી દેશમાં મુસ્લિમ શિક્ષણપદ્ધતિ દાખલ થઇ. ત્યારબાદ અર્વાચીન શિક્ષણ પદ્ધતિના પાયા બ્રિટિશ શાસનકર્તાઓએ નાંખ્યા. પાછળથી મીશનરીઓ આવ્યા. તેમણે ચોક્કસ વર્ગના લોકોને શિક્ષણ આપવાનું કામ લીધું. છાપેલા પુસ્તકો શરૂ થયાં. ચોક્કસ વર્ગશિક્ષણ પદ્ધતિ અસ્તિત્વમાં આવી. શિક્ષણ માતૃભાષામાં અપાવા લાગ્યું. ૧૮૫૪ના વુડના ખરીતાના આગમનને પરિણામે કેળવણી ખાતાં સ્થપાયા. ખાનગી સાહસો દ્વારા પ્રાથમિક શિક્ષણનો વિકાસ થયો. છતાં આર્થિકતંગીને કારણે વિકાસ મંદ. આથી ૧૮૫૯ના સ્ટેન્લીના ખરીતાથી પ્રાથમિક શિક્ષણ માટે સ્થાનિક કર લોકો પર નાંખવામાં આવ્યો. જેથી વિકાસ થોડો ઝડપી થયો. ૧૮૮૩-૧૮૮૪માં લોર્ડ રિપનની નીતિને કારણે મ્યુનિસિપાલિટી અને લોકલબોર્ડના હસ્તક પ્રાથમિક શાળાઓ સોંપી.

હવે વાત કરીએ ફરજિયાત શિક્ષણની. ઈંગ્લેન્ડમાં ૧૮૭૦માં ફરજિયાત શિક્ષણ દાખલ થયું. જેથી આપણા દેશના નેતાઓ પણ સાર્વત્રિક શિક્ષણની માંગણી કરવા લાગ્યા. ૧૮૮૫માં રાષ્ટ્રીય મહાસભા-કોંગ્રેસની સ્થાપના થઇ. જેથી તે માંગણી વધુ બુલંદ બની. ૧૯૦૬માં વડોદરાના મહારાજાએ પોતાના રાજ્યમાં (પ્રથમ અમરેલીમાં અને પછી બધે) ફરજિયાત શિક્ષણ દાખલ કર્યું. આ વાત થાય ત્યારે ગોખલેના પ્રયત્નોની નોંધ લેવી જ પડે. તેમણે ૧૯૧૦માં ઈમ્પિરિયલ લેજિસ્લેચરમાં એક બિલ રજૂ કરેલ. તેમાં જણાવેલ કે, જે વિસ્તારમાં ૬ થી ૧૦ વર્ષના ગાળાના અમુક ટકા છોકરા-છોકરીઓ ભણતા હોય ત્યાં ફરજિયાત શિક્ષણ દાખલ કરવું અને પછી અન્ય વિસ્તારોમાં દાખલ કરવું. કેટલેક અંશે શિક્ષણ સ્થાનિક સંસ્થા પર છોડી દેવું. જેમાં વાઇસરોયની મંજૂરી લેવી. આ બીલ ૧૩ વિરુદ્ધ ૩૮ મતે ઊડી ગયું. તે વખતે ગોખલેના ભાષણના શબ્દો યાદ કરવા જેવા છે. “નામદારશ્રી, હું જાણું છું કે, કદાચ દિવસ પૂરો થતાં સુધી મારું આ બિલ પસાર નહીં થાય. મને તેની કોઇ ફરિયાદ નથી અને એના માટે હું હતાશ પણ નથી થવાનો. છતાં હું હંમેશાં એવું માનું છું અને કહું છું કે,આપણે જ ભારતની એવી પેઢી છીએ કે જેની નિષ્ફળતાઓ પણ આપણા દેશને ઉગારવા માટેની એક આશા છે.” ગોખલે ભલે નિષ્ફળ ગયા પણ તેમણે વાવેલાં બી ઊગી નિકળ્યાં. ૧૯૧૦ થી ૧૯૧૭ વચ્ચેના સમયમાં પ્રાથમિક શિક્ષણમાં અભૂતપૂર્વ વધારો થયો. સરકારી તંત્ર પણ વધુ ઝડપી કામ કરવા લાગ્યું. એટલામાં ૧૯૧૪ થી ૧૯૧૮ વચ્ચે વિશ્વયુદ્ધ થયું અને ૧૯૧૯ ના કાયદાથી ભારતના પ્રધાનોના હાથમાં શિક્ષણ આવ્યું. વળી ૧૯૧૮ થી ભારતને ગાંધીજીનું નેતૃત્ત્વ પણ મળ્યું. ૧૯૧૭માં વિઠ્ઠલભાઇ પટેલે ગોખલેનું અધુરું કાર્ય મુબંઇમાં પૂર્ણ કર્યું. તેમણે મુંબઇમાં મ્યુનિસિપલ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત દાખલ કરવા બિલ રજૂ કર્યું. ગોખલેની માંગણીમાં લગભગ ૬૬ ટકા ખર્ચ સરકારે આપવાની વાત હતી જ્યારે વિઠ્ઠલભાઇએ આ વાત મૂકી નહતી. ૧૯૧૮માં આ બિલ કાયદો બન્યું. આમ પ્રથમવાર પ્રાથમિક શિક્ષણ માટે ફરજિયાતપણું દાખલ થયું. પછી ધીમે ધીમે ૧૨ વર્ષમાં બધા પ્રાન્તોએ આવા કાયદા પસાર કર્યા. ૧૯૧૭માં કોલ્હાપુરમાં, ૧૯૩૦માં કશ્મીરમાં, ૧૯૩૧માં મૈસૂરમાં

ફરજિયાત શિક્ષણ દાખલ કરેલ. ગોંડલ રાજ્યમાં માત્ર છોકરીઓ માટે ફરજિયાત શિક્ષણ બનાવેલ. ૧૯૩૭માં પ્રાથમિક શાળાની સંખ્યા ૧,૯,૬૦૧ અને વિદ્યાર્થી સંખ્યા ૧,૦૫,૧૬,૩૫૩ હતી જે ૧૯૪૬માં અનુક્રમે ૧,૬૭,૭૦૦ અને ૧,૩૦,૨૭,૩૧૩ થઇ. તમે નોંધ કરશો તો ખ્યાલ આવશે કે શાળાની સંખ્યા ઘટી પણ વિદ્યાર્થી સંખ્યા વધી હતી. જેની પાછળના મુખ્ય બે કારણો હતાં. નાણાંકીય કટોકટી અને બુનિયાદી શિક્ષણ આપતી શાળાની શરૂઆત.

આઝાદી મળ્યા પછી મર્યાદિત નાણાંની જોગવાઇ, તાલીમ પામેલા શિક્ષકોની અછત અને શિક્ષણના માધ્યમનો વિવાદાસ્પદ પ્રશ્ન જેવા પડકારો હતા. દેશમાં લગભગ ૮૫ ટકા વસ્તી નિરક્ષર હતી.દેશની શિક્ષણ પદ્ધતિનું રાષ્ટ્રીયકરણ કરવા ૧૯૪૮માં કેન્દ્રના શિક્ષણપ્રધાન મૌલાના અબુલ કલામના અધ્યક્ષપણા નીચે સમિતિ મળી હતી.જેમાં એવો નિર્ણય લેવામાં આવેલ કે, મફત ફરજિયાત શિક્ષણનું લક્ષ્યાંક ૮ વર્ષમાં પૂર્ણ કરવું અને તેમાં ૧૦ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો સમાવેશ કરવો. ત્યારબાદ બીજા આઠ વર્ષમાં ૧૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોનો સમાવેશ કરવો. જેમાં કેન્દ્રસરકારે ૧૦ ટકા અને રાજ્ય સરકારે ૨૦ ટકા ખર્ચ આપવો. ૧૯૪૭-૪૮માં ૧૫૫ શહેરી વિસ્તારો અને ૭૮૨૪ ગ્રામ્યવિસ્તારમાં શિક્ષણમાં ફરજિયાતપણું દાખલ કરવામાં આવેલ.૧૯૫૯-૬૦ માં કેન્દ્ર સરકારે ૧૧ કરોડની જોગવાઇ કરવાનું ધાર્યું હતું, પણ છ કરોડ રૂપિયા જ ફાળવ્યા હતા.

ગુજરાતમાં૧૯૪૭નો મુંબઇ પ્રાથમિક શિક્ષણ ધારો અમલમાં હતો. ૧૯૫૬નો સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણધારો સૌરાષ્ટ્ર વિસ્તારમાં અમલમાં હતો. કચ્છમાં આવો કોઇ કાયદો અમલમાં નહતો.અત્યારે ગુજરાત રાજ્યમાં ૧૯૬૧નો ધારો અમલમાં છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ગુજરાતમાં શિક્ષણનો વિકાસ ઝડપી બન્યો. તેની પાછળનું મુખ્ય કારણ ખાનગી સંસ્થાઓએ શિક્ષણમાં દાખવેલ રસને ગણી શકાય. આ ઉપરાંત ગુજરાતમાં ઘણાં શિક્ષણ સેવાભાવી વ્યકિતઓએ પણ નોંધપાત્ર ફાળો આપેલો. જેમકે,ચુનિલાલ શાહ, મોતીભાઇ અમીન, મહારાજા સયાજીરાવ, નાનાભાઇ ભટ્ટ, ગિજુભાઇ બધેકા, કાકાસાહેબ કાલેકર, કિશોરલાલ મશરુવાલા, નરહરિભાઇ પરીખ, મગનભાઇ દેસાઇ, દિલખુશ દીવાનજી, બબલભાઇ મહેતા અને મહાત્મા ગાંધીજી વગેરે.

આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણે પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત કરવાના લક્ષ્યાંકને સંપૂર્ણ હાંસલ કરી શક્યા નથી. હા... કેટલીક પ્રગતિ કરી છે. આમછતાં દેશમાં દરેક રાજ્યમાં કે એક જ રાજ્યના દરેક જિલ્લામાં આ પ્રગતિમાં મોટો તફાવત જોવા મળે છે. સમગ્ર દેશમાં જ્યારે દરેક વ્યક્તિને મફત ફરજિયાત શિક્ષણ મળશે ત્યારે જ ભારતના બંધારણની ૪૫મી કલમ સિદ્ધ થઇ ગણાશે. આ સિદ્ધિ માટે માત્ર સરકારના પ્રયત્નો નહીં ચાલે, સમગ્ર પ્રજાજનોએ પણ પૂરતી નિષ્ઠા સાથેનો સહકાર આપવો પડશે.

**પિપૂડી : પોતાની ભૂલમાંથી શીખે તે ડાહ્યો, બીજાની ભૂલમાંથી પણ શીખે તે વધુ ડાહ્યો. આપણી જિંદગી એટલી બધી લાંબી નથી કે આપણે માત્ર આપણી જ ભૂલોમાંથી શીખી શકીએ.**